# ધાર્મિક સંસ્થાઓ

**જગન્નાથજી મંદિર :**

અમદાવાદમાં જમાલપુરમાં આવેલું જગન્નાથજી મંદિર આશરે 150 વર્ષ જૂનું છે. આ મંદિરના મહંત નૃસિંહદાસજી મહારાજે તેના વિકાસમાં સૌથી વધુ ફાળો આપ્યો છે. તેમની દેખરેખ હેઠળ સાધુસેવા, સદાવ્રત, ગૌશાળા જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ મુખ્ય હતી. પ્રતિવર્ષ અષાઢ સુદ બીજના દિવસે આ મંદિરમાંથી ઈ.સ. 1884થી રથયાત્રા નીકળે છે. મુખ્યમંદિરમાં જગન્નાથજી, બલદેવજીઅને સુભદ્રાજીની મૂર્તિઓ છે.

**વેદમંદિર :**

સ્વામી ગંગેશ્વરાનંદજીની પ્રેરણાથી ઈ.સ. 1947–48માં અમદાવાદમાં, વેદપ્રચારની પ્રવૃત્તિઓ માટે વેદમંદિરની સ્થાપના થઈ. મંદિરમાં વેદનારાયણની પ્રતિમા પ્રતિષ્ઠિર છે. આ મંદિર તરફથી અન્નક્ષેત્ર, ચિકિત્સાલય તથા ગૌશાળા ચાલે છે. ગંગેશ્વરજી અને સ્વામી સેવારામે વૈદિક સાહિત્યના સંપાદન અને પ્રચાર વાસ્તે નોંધપાત્ર પ્રયાસો કર્યા છે.

**ગીતામંદિર :**

ગીતાધર્મના પ્રચાર માટે અમદાવાદ, વડોદરા અને કરનાળીમાં ગીતામંદિરની સ્થાપના થઈ. મહામંડલેશ્વર સ્વામી વિદ્યાનંદજીએ ગુજરાતમાં ગીતાધર્મનો પ્રચાર કર્યો. ઈ.સ. 1941માં બંધાયેલા અમદાવાદના ગીતામંદિરમાં ગીતાદેવીની ચતુર્ભુજ મૂર્તિ તથા મોટો સભાખંડ છે. સભાખંડની દીવાલો પર ભગવદ્ગીતાના શ્લોક કોતરેલી આરસની તકતીઓ જડી છે. આ મંદિરમાંઆયુર્વેદિક ઔષદાલય, રસાયણશાળા, વિદ્યાનંદ પ્રેસ, ગીતાસ્વાધ્યાય, અન્નક્ષેત્ર, ગૌશાળા વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે.

**સંન્યાસાશ્રમ :**

ગુજરાતમાં અનેક ગામોમાં સંન્યાસ–આશ્રમો સ્થપાયા છે. તેમાં વેદાંતનાં પ્રવચનો થાય છે. આવા આશ્રમોમાં અમદાવાદનો તથા નર્મદાકાંઠાના વિવિધ આશ્રમ ઉલ્લેખનીય છે. અમદાવાદના આશ્રમમાં ઈ.સ. 1941માં કૃષ્ણાનંદજી મહારાજ ગાદીનશીન થયા. આ સંસ્થા તરફથી સંસ્કૃત પાઠશાળા, સત્સંગ, સ્વાધ્યાય વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે.

Monday Musings

**રામકૃષ્ણ મિશન રાજકોટ :**

ઈ.સ. 1927માં મોરબીના મહારાજ લખધીરજીની ઉદાર સખાવતથી રાજકોટમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના થઈ. આ આશ્રમના સાધુઓ ધાર્મિક અને આધ્યાત્મિક બોધ આપવા ભ્રમણ કરે છે. પુસ્તકોનું પ્રકાશન, તબીબી સેવા, રાહતકાર્યો વગેરે તેની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

**થિયૉસૉફિકલ સોસાયટી :**

ગુજરાતમાં ઈ.સ. 1882ના અરસામાં ભાવનગર પાસે થિયૉસૉફિકલ સોસાયટી સ્થાપવામાં આવી. આ સંસ્થા પ્રાચીન ધર્મ અને સંસ્કૃતિ ટકાવી સમાજસેવાની પ્રવૃત્તિ કરે છે. સૂરત, વડોદરા, રાજકોટ, નડિયાદ, અમદાવાદ, સાણંદ વગેરે સ્થળોએ તેની શાખાઓ આવેલી છે.

**શ્રી અરવિંદ કેન્દ્ર :**

આ સમયે ગુજરાતના લોકોને શ્રી અરવિંદનું તત્વજ્ઞાન અને ભક્તિભાવનો પણ સ્પર્શ થયો. શ્રી અરવિંદના તત્વજ્ઞાનથી ગુજરાતમાં ખેડા જિલ્લાના અંબુભાઈ પુરાણી સૌ પહેલા પ્રભાવિત થયા. પુરાણી અરવિંદ આશ્રમમાં રહ્યા અને ત્યાંથી પાચા ફરી 1947માં વડોદરામાંશ્રી અરવિંદ કેન્દ્રની સ્થાપના કરી. તેમણે શ્રી અરવિંદની વિચારધારા સમજાવતાં પુસ્તકો પ્રગટ કર્યા તે પછી આણંદ, નડિયાદ, સૂરત વગેરે સ્થળે શ્રી અરવિંદ કેન્દ્રો સ્થપાયાં.

**દિવ્યજીવન સાંસ્કૃતિક સંઘ :**

મહર્ષિ શિવાનંદ સરસ્વતી (1887–1963) વેદકાલીન આધ્યાત્મિક પરંપરાના જ્યોતિર્ધર હતા. તેઓ દક્ષિણ ભારતમાં જન્મ્યા હતા. તેમણે ઈ.સ. 1934માં હ્રષીકેશમાં શિવાનંદ આશ્રમ સ્થાપી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, પ્રેમ તથા સેવાનો આધ્યાત્મિક સંદેશો ફેલાવ્યો. ઈ.સ.સ 1936માં તેમેને દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ સ્થાપ્યો. ગુજરાતમાં 1950માં સ્વામીજી આવ્યા પછી આ સંઘની પ્રવૃત્તિઓ ચાલે છે. સૌરાષ્ટ્રમાં ડૉ. શિવાનંદ અધ્વર્યુએ 1953થી દિવ્યજીવન સંઘની પ્રવૃત્તિઓનો વ્યાપક પ્રચાર કર્યો છે.

આ ઉપરાંત ગુજરાતમાં આનંદમયી મા સંઘ તથા ચિન્મય–મિશનની પ્રવૃત્તિઓ પણ ચાલે છે. આનંદમયી મા વખતોવખત ગુજરાતમાં આવ્યાં છે. તેમનો ભક્તસમુદાય વિશાળ છે.

Monday Musings